Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)
A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences
Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in
|| चैतन्य || CHAITANYA
ISSN: 2582 2802

Year–06, Volume –06, Issue–03, September–2025

# દાંડીકૂચઃ રચનાત્મક કાર્યક્રમનો અસાધારણ પ્રયોગ

– પ્રો. યોગેન્દ્ર પારેખ

સ્વતંત્રતા અંગેની ચળવળમાં અનેકવિધ રચનાત્મક પ્રયોગ કરવા એ ગાંધીજીની ખાસિયત છે. સત્ય-અહિંસા જેના કેન્દ્રમાં હોય એવી પ્રવૃત્તિ દ્વારા જીવનના આ કલાધરે દેશના નાગરિકોને સ્વતંત્રતાને યોગ્ય બનાવવા, પાત્રતા કેળવવાની ભૂમિકાએ આંતર-બાહ્ય સંઘર્ષનાં વિવિધ પરિમાણ ઉપસાવવાની સાથે ધ્યેયનિષ્ઠ સક્રિયતાનું દર્શન કરાવ્યું.

દાંડીકૂચ પૂર્વે સવિનય કાનૂનભંગ કરવાના વ્યાપક કાર્યક્રમ વિશે ગાંધીજીના મનમાં વ્યૂહરચના કે આયોજનની ઘણી મથામણ ચાલી હતી. 1929ની 31મી ડિસેમ્બરે સંપૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ લાહોરના રાવી નદીના કિનારે કૉંગ્રેસ અધિવેશનમાં થયો. 1930ની 26મી જાન્યુઆરીએ પૂર્ણ સ્વરાજ દિન ઉજવણીના ભાગ તરીકે ધ્વજવંદન કાર્યક્રમ દ્વારા આખા દેશમાં રાષ્ટ્રભાવના જગાડવાનો ઉપક્રમ સુનિશ્ચિત થયો. 1930માં 26 જાન્યુઆરી બાદ રાષ્ટ્રીય સ્તરે સવિનય ભંગના કાર્યક્રમ તરીકે મીઠા પરનો કર નાબૂદ કરવાનનો મુદ્દો કેન્દ્રમાં આવ્યો. સંપૂર્ણ દારૂનિષેધ, લશ્કરી ખર્ચ, પરદેશી કાપડ પરની જકાત વિશે સ્વદેશીનું રક્ષણ થાય એવી નીતિ; જેવા બધા મળીને 11 જેટલા મુદ્દાઓમાં મીઠા પરના મુદ્દાને ગાંધીજીએ પ્રાથમિકતા આપી જે, તે સમયના મોટા નેતાઓ સમજી શક્યા નહોતા. મોતીલાલ નહેરુને આ મુદ્દો ખૂબ સામાન્ય લાગ્યો હતો. ઈન્દુલાલ યાજ્ઞિક જેવા કર્મશીલને પણ આ મુદ્દો દેશના યુવાનોને જાગૃત કરવામાં અસરકારક રહેવા વિશે શંકા હતી. ગાંધી-ચરિત્રકાર નારાયણ દેસાઈ યોગ્ય રીતે જ નોંધે છે કે, 'ગાંધીજીને એના મહત્ત્વની બરાબર જાણ હતી. વર્ષોથી મીઠાની આ દુષ્ટ ઇજારદારી એમને કઠતી હતી. પણ સવિનયભંગનો આરંભ કરવા સારુ એ કાયદાનો ભંગ કરવાનો વિચાર તો એમના મનમાં વીજળીના ઝબકારાની માફક જ આવી ગયો હતો.'[1]

મીઠાનો ઉપયોગ જનસામાન્યના જીવનમાં, ખોરાકમાં અને પાલતુ પશુઓની માવજતમાં આવશ્યક હતો. અત્યંત જીવનજરૂરી પદાર્થ તરીકે ગરીબમાં ગરીબ માણસને પણ મીઠાની જરૂર પડે જ. મીઠા પરનો વેરો એ અંગ્રેજોને આર્થિક રીતે સમૃદ્ધ કરવાનો સીધો પરવાનો હતો. નારાયણ દેસાઈએ ઉપર દર્શાવેલ સંદર્ભ પૃષ્ઠ પર આગળ સવિગત જણાવ્યું છે કે, 'ચંદ્રગુપ્ત મૌર્યના જમાનામાં પણ મીઠાનો કર હતો એમ ચાણક્યના 'અર્થશાસ્ત્ર' પરથી માલુમ પડે છે...' મુગલોના જમાનામાં બંગાળમાં હિન્દુઓ પર પાંચ ટકા અને મુસ્લિમો પર અઢી ટકા લેખે મીઠાવેરો હતો.

બંગાળમાં અંગ્રેજ ઇજારાશાહીનું વરવું પરિણામ આવ્યું. સ્થાનિક અગરિયાઓ પર જુલમ કર્યો અને પરદેશી મીઠાના વેપારની શરૂઆત કરી. 1818થી 1835 સુધીમાં બંગાળના વિશાળ દરિયા કિનારે મીઠાનું ઉત્પાદન બંધ કરી દેવામાં આવ્યું. ઇટાલિયનો એડનના રસ્તેથી મીઠું લાવતા હતા અને ઇજિપ્ત તથા ઇંગ્લૅન્ડથી

પણ વિશાળ જથ્થામાં મીઠું આવતું હતું. મદ્રાસ વિસ્તારમાં 1805થી જ બ્રિટિશ સરકારે મીઠાનો ઇજારો કરી લીધો હતો. બ્રિટિશ શાસન દરમિયાન કુવામાંથી નીકળતા પાણી ઉપર વેરો લેવાતો હતો તેથી ખારા પાણીમાં પાકતા મીઠા ઉપરના વેરાથી લોકોને નવાઈ નહોતી. 'આ વેરાની સામે દાદાભાઈ, રાનડે, રાવબહાદુર જોષી, ગોખલે જેવાઓએ કડક ટીકા કરી હતી...'[2] રાવબહાદુર જોષી તો સરકારી નોકર હતા છતાંય તેમણે લખ્યું હતું કે, 'નાણાશાસ્ત્રીઓની નિર્દય ચતુરાઈથી યોજાયેલો નઠારામાં નઠારો અને જંગલીમાં જંગલી આ કર છે, અને હાલના તંત્ર ઉપર આના જેવો કાળો ડાઘ બીજો એકે નથી.'[3]

મીઠા જેવી જીવનજરૂરી બાબત ઉપરના નિર્દય વેરાથી ભારતની પ્રજાનું બેફામ શોષણ થતું હતું. 1885માં અંગ્રેજોએ સૉલ્ટ કમિશનની નિયુક્તિથી મીઠાનો ઇજારો, મીઠાની આયાતનીતિ જેવી બાબતોને કાયદાકીય સ્વરૂપ આપ્યું. ગોપાલ કૃષ્ણ ગોખલેની વારંવારની આખરી ટીકાઓના કારણે મીઠાની કિંમત ઘટીને અડધી થઈ ગઈ હતી પણ થોડાં વર્ષ પછી ભાવ વધીને પહેલાની જેમ થઈ ગયા. ગાંધીજીના પરમસખા ડૉ. પ્રાણજીવન મહેતાએ; 'છેક 1920માં તેમણે સૂચન કરેલું કે મીઠા ઉપરના કરનો વિરોધ કરવો જોઈએ અને બ્રિટિશ સરકાર મીઠાની વિદેશથી આયાત કરે છે તેના બદલે દેશમાં જ તેના ઉત્પાદન કરવાના પુષ્કળ અવકાશો છે.'[4]

1891માં ગાંધીજી વિલાયતમાં બેરિસ્ટર થવા માટે ભણી રહ્યા હતા ત્યારે 'ધ વેજિટેરિયન મેસેન્જર'માં તેમણે પહેલી જૂને લખ્યું હતું; 'હિન્દુસ્તાનમાં એવા લાખો ને કરોડો લોકો છે જે દિવસની એક પાઈ પર પોતાનો ગુજારો ચલાવે છે. એ ગરીબોને રોજ માંડ એક ટંક ખાવાનું મળે છે, અને તેય વાસી રોટલો અને મીઠું – જેની ઉપર ભારે વેરો લાગેલો હોય છે.'[5]

1909માં 'હિન્દ સ્વરાજ'માં ગાંધીજીએ લખ્યું હતું; 'મીઠાપરનો વેરો એ કોઈ નાનોસૂનો અન્યાય નથી.'[6] ગાંધીજી 1919ની 21મી સપ્ટેમ્બરે ઊંઘમાંથી લવારીએ ચડ્યા હતા કે, 'નિમકવેરા જેવો ઘાતકી કર કેમ સ્વીકારાયો હશે તે જ સમજાતું નથી. જે વસ્તુ વિના માણસને ઘડીભર પણ ચાલે એવું નથી તે વસ્તુ ઉપર વેરો કેવો?' –એમ, મહાદેવભાઈ દેસાઈની ડાયરીના પાંચમા ભાગમાં પાંચમા પાને નોંધાયું છે.

મીઠાના વ્યાપક ઉપયોગ અને તેના પરના કરનો બોઝ વિશે ગાંધીજી અભ્યાસપૂર્વક સક્રિય થયા. એક મણ પાકા મીઠાનું ઉત્પાદનખર્ચ 10 પાઈ હતું અને એની ઉપર વેરો 20 આના હતો. આ પ્રમાણ 2400 ટકાના વધારા જેટલું હતું. ગાંધીજી સવિનય ભંગના ભાગરૂપે મીઠાનો સત્યાગ્રહ કરવાના છે એ બાબતે શરૂઆતમાં આ ચળવળને વિશે અંગ્રેજી સરકારનું વલણ ઠેકડી ઉડાડવા જેવું હતું. અલબત્ત, મીઠા પરના આ વેરા વિશે બધા અંગ્રેજ અધિકારીઓ શોષણ દષ્ટિથી જ વિચારતા હતા એવું નથી. રામસે મેકડોનાલ્ડ વડાપ્રધાન થયા એ પહેલાં પોતાના પુસ્તકોમાં મીઠાના કાયદાની આખરી ટીકા કરી ચૂક્યા હતા. 1888માં બ્રિટિશ અર્થમંત્રી જેમ્સ વેસ્ટલૅન્ડે કહ્યું હતું, 'અતિશય નાખુશીથી સરકારને મીઠાવેરા તરફ મહેસૂલ માટે નજર કરવી પડે છે' એ જ વખતે (1888માં) લોર્ડ ક્રોસ હિન્દી વજીર હતા. તેમણે કહ્યું હતું, 'મીઠા જેવી જરૂરિયાતની વસ્તુ પર કર નાખીને ગરીબમાં ગરીબ વર્ગ ઉપર કરનો બોજ વધારવો એ બહુ દુઃખની વાત છે.' 1890માં જોન ગોર્સ્ટ હિન્દી વજીરના સહાયક પ્રધાન હતા. તેમણે તો એટલે સુધી કહ્યું હતું કે, 'આ વેરો રદ થવો જ જોઈએ, અને નાણાંની સ્થિતિ ઠીક થાય કે એ રદ કરવામાં આવશે.' આધાર સહિત વિગતો આપીને નારાયણ દેસાઈએ નોંધ્યું છે કે, 'નાણાની

સ્થિતિ કદી સુધરી જ નહીં. પાછળથી તો કર વધતા ગયા અને એને અંગે દુ:ખ પ્રગટ કરવાની ઓપચારિકતા પણ મંત્રીઓએ નિર્લજ્જપણે છોડી દીધી અને અર્થમંત્રીઓ એટલે સુધી કહેવા લાગ્યા કે મીઠાવેરા સિવાય મહેસૂલ વધારવાનું બીજું એકે સાધન નથી.'[7]

દાંડીકૂચ શરૂ કરતાં પહેલાં સત્યાગ્રહના સિદ્ધાંત મુજબ પ્રતિપક્ષને પોતાના ઇરાદાઓ કહો કે આયોજનની જાણ કરવા હેતુથી ગાંધીજીએ વાઇસરૉય લોર્ડ અર્વિનને સત્યાગ્રહ આશ્રમ સાબરમતીથી 2 માર્ચ 1930ના રોજ લાંબો પત્ર લખ્યો. અંગ્રેજ સરકાર દ્વારા હિન્દુસ્તાનની પ્રજાને થતા અન્યાય વિશે વિગતે લખ્યું. ગાંધીજી લખે છેઃ "જે દેશમાં દરેક માણસની સરેરાશ દૈનિક આવક બે આનાથી ઓછી છે, ત્યાં આપને રૂપિયા 700થી વધારેનો રોજ મળે છે. આ રીતે આપ પગાર રૂપે 5000થી વધુ હિન્દુઓની સરેરાશ કમાણી ઉપાડો છો'... ઉપરનાં અનિષ્ટો દૂર કરવાનો આપ કોઈ ઉપાય શોધો નહીં અને મારા કાગળની આપની ઉપર અસર ના થાય, તો આ મહિનાની 11મી તારીખે હું આશ્રમના શક્ય એટલા સાથીઓ સાથે મીઠાને લગતા કાયદાઓનો અનાદર કરવાનું પગલું ભરીશ. ગરીબ વર્ગના દષ્ટિબિંદુથી આ કાયદો મને સૌથી વધુ અન્યાયી લાગ્યો છે. સ્વતંત્રતાની લડત દેશના ગરીબમાં ગરીબ વર્ગ માટે મુખ્યત્વે હોવાથી, આ અનિષ્ટ સામેની લડતની શરૂઆત કરવામાં આવશે... આ કાગળ ધમકી રૂપે લખાયેલો નથી, પણ સત્યાગ્રહીના સરળ અને પવિત્ર ધર્મના પાલન અંગે છે."

ગાંધીજીએ આ પત્ર રોજિનાલ્ડ રોનાલ્ડ્ઝ નામના અંગ્રેજ મિત્ર દ્વારા વાઇસરૉયને પહોંચાડ્યો. વાઇસરૉયના મદદનીશે પત્રનો જવાબ આપતા લખ્યું:

**ભાઈશ્રી ગાંધી,**

**તમારો બીજી(2 માર્ચ, 1930)નો પત્ર નામદાર વાઇસરૉયને મળ્યો છે. તમે એવું કાર્ય ઉપાડવા ધારો છો કે તેને પરિણામે સુલેહશાંતિનો ભંગ થવાનો તથા કાયદાનો અનાદર થવાનો ભય ચોખ્ખો રહેલો છે; એ જાણીને વાઇસરૉય સાહેબને દિલસોજી ઉપજી છે.**

**લિ. સેવક**
**–જી. કનિંગહામ**
**ખાનગી મંત્રી[8]**

ચળવળ 11મીના બદલે 12મી માર્ચના રોજ નીકળવાનું નક્કી થયું. અગાઉ અસહકાર આંદોલન વખતે ચૌરીચૌરામાં હિંસક ઘટના બની હતી એવું કાંઈ પણ ન થાય તેની કાળજી રાખવાની હતી. ગાંધીજી સાથે કૂચમાં ભળવા માટે અનેક લોકો ઉત્તસુક હતા. આશ્રમના 18 વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓ અને બહેનોને કૂચની ટુકડીમાં બાપુએ સામેલ કર્યાં નહીં. બહેનોને સાથે ન રાખવાનું કારણ એટલું જ હતું કે તેઓ બહેનોને કૂચમાં સાથે રાખીને તેમનો ઢાલ તરીકે ઉપયોગ કરવા ઇચ્છતા નથી. અંગ્રેજ પોલીસની સંભવિત મારપીટ ખમવા માટે ભાઈઓની તૈયારી હોવી જોઈએ. બહેનોને આગળ કરી પોલીસના મારથી બચવાની જરૂર નથી એવી સરળ વાત હતી. ગાંધીજીએ 78 સાથીઓની પસંદગી કરી, ગાંધીજી પોતે, તેમના પુત્ર મણિલાલ અને મોટા પુત્ર હરિલાલનો દીકરો કાંતિલાલ; એમ ગાંધીજીની ત્રણ પેઢી આ કૂચમાં સામેલ હતી. ગુજરાતના 1600 કિ.મી. લાંબા દરિયા કિનારામાંથી નવસારી પાસે આવેલા દાંડીની સ્થળ પસંદગી થઈ. કૂચનું આયોજન, દાંડીકૂચનો

માર્ગ વગેરે માટે સરદાર વલ્લભભાઈને જવાબદારી સોંપવામાં આવી. સરદારે કૂચને અનુરૂપ રસ્તો પસંદ કરવાની સાથે સત્યાગ્રહનું વાતાવરણ નિર્માણ કરવાનું શરૂ કર્યું. 7મી માર્ચના દિવસે રાસ ગામે સરદારને ગામલોકોએ બોલવાનો આગ્રહ કર્યો. સરદાર પર જાહેરસભામાં બોલવા વિશે પ્રતિબંધ હતો એ અવગણીને બોલવા ઊભા થયા કે તેમની ધરપકડ થઈ. સરદારને દેશદ્રોહના આરોપસર ત્રણ મહિનાની જેલ થઈ. રાસ ગામમાંથી 200 જણાની ધરપકડ થઈ હતી. કૂચનો દિવસ જેમજેમ નજીક આવતો હતો તેમતેમ વાતાવરણ જામતું હતું. સાંજની પ્રાર્થનામાં ભાગ લેનારની સંખ્યામાં વધારો થતો હતો. ગાંધીજીને અને અન્ય લોકોને એવી ધારણા હતી કે કૂચ આરંભ કરતાં પહેલાં જ સરકાર તેમની ધરપકડ કરશે. 11મી માર્ચની સાંજે પ્રાર્થનાસભામાં ગાંધીજીએ કહ્યું, 'એવું સાવ સંભવિત છે કે આજે તમારી પાસે આ મારું છેલ્લું વ્યાખ્યાન હોય, સવારના જો સરકાર મને કૂચ કરવા દેશે તોપણ આ સાબરમતીને પવિત્ર કાંઠે તો આ છેલ્લું જ ભાષણ હશે, અથવા મારી જિંદગીનું પણ આ છેલ્લું ભાષણ હોય.'[9]

11મી માર્ચ દાંડીકૂચનો ઐતિહાસિક દિવસ સિદ્ધ થવાનો હતો. 12મી માર્ચના એ યાદગાર દિવસે જ નવજીવન દ્વારા 'અનાસક્તિયોગ' – ગાંધીજીનું ગીતા પરનું ભાષ્ય પણ પ્રગટ થયું. મહાદેવભાઈ દેસાઈની ડાયરી નંબર–13માં દાંડીકૂચના આરંભનું અને આગળની ગતિનું વર્ણન મળે છે. કૂચનો આરંભ જોઈને મહાદેવભાઈને ભગવાન બુદ્ધનું મહાભિનિષ્ક્રમણ યાદ આવ્યું હતું. 11મી માર્ચની રાત્રે ગાંધીજી સિવાય કોઈને ઊંઘ નહોતી આવી. સવારે છ ને દસ મિનિટે ગાંધીજી હૃદયકુંજમાંથી બહાર નીકળ્યા. બાપુ સાથે પ્રભાશંકર પટ્ટણી, મહાદેવભાઈ અને પ્યારેલાલ હતા. પ્રભાશંકર પટ્ટણી શુભેચ્છા આપવા આવ્યા હતા. કસ્તુરબાએ અક્ષત-કંકુથી ગાંધીજીનું અભિવાદન કરી વિદાય આપી. પંડિત નારાયણ મોરેશ્વર ખરેએ 'વૈષ્ણવજન' ગાયું પછી રામધુન બોલાવી... કૂચનો આરંભ થયો... દાંડી સુધીની આ કૂચનું કવરેજ કરવા એ જમાનામાં પણ દેશ-વિદેશના પત્રકારો આવ્યા હતા. ઝડપભેર ચાલતા ગાંધીજીનું રેકોર્ડિંગ કરવા ત્રણ-ત્રણ ફિલ્મ કંપનીઓ કેમેરા સાથે આવી ગઈ. જગવિખ્યાત ઝડપી ચાલની ગતિશીલતાએ જ આપણને 'મોખરે ધપે હસી હસી જવાન ડોસલો' જેવી પંક્તિ સંપડાવી. આ પંક્તિના કવિ શ્રીધરાણી દાંડીકૂચના સાક્ષી હતા.

ગૂજરાત વિદ્યાપીઠની અરુણ ટુકડીની આ કૂચમાં વિશેષ જવાબદારી હતી. જે ગામમાં કૂચ પહોંચવાની હોય ત્યાં પહેલાં પહોંચી જઈ એ ગામની માહિતી આ ટુકડી દ્વારા એકત્ર થતી. ગામની વસ્તી, જાતિ-વર્ગ-વર્ણવ્યવસ્થા, અસ્પૃશ્યોની વસ્તી, ગામમાં રેંટિયો ચાલતા હોય તેની સંખ્યા, ખાદીનું વેચાણ, ગામની શિક્ષણવ્યવસ્થા, ગામમાં દારૂ પીનારની સંખ્યા, માણસદીઠ અને ઢોરદીઠ મીઠાની વપરાશ આદિની વિગતો ગાંધીજી પાસે પહોંચી જતી. ગામની સભામાં ગાંધીજી આ વિગતોને આધારે વાત કરીને માર્ગદર્શન આપતા. ગામેગામથી મુખી-મામલતદાર આદિ અંગ્રેજ સરકારની નોકરી કરનારા લોકો ટપોટપ રાજીનામા આપતા હતા. કનકાપુરા પાસે દેવાણ ગામે 105 વર્ષનાં ડોસીમાએ ગાંધીજીને પોંખ્યા. એ દિવસોમાં જંબુસર ગામે પંડિત મોતીલાલ નેહરુ અને પુત્ર જવાહરલાલ નેહરુ બાપુને મળવા આવ્યા. જંબુસરની સભામાં મોતીલાલ નહેરુએ અલ્હાબાદનું મહેલ જેવું મકાન 'આનંદભવન' રાષ્ટ્રને અર્પણ કર્યું. રાષ્ટ્રને અર્પણ થયા બાદ એ મકાનનું નામ 'સ્વરાજભવન' પડ્યું. સુરત જિલ્લાના ભટ ગામની જાહેરસભામાં ગાંધીજીએ કહ્યું, 'સ્વરાજ વિના આશ્રમનું દર્શન હું કરવાનો નથી. કાગડા-કૂતરાંને મોતે મરીશ, સ્વરાજની ઝંખના કરતો રઝળી-રવડીને મરીશ, પણ પાછો

ફરવાનો નથી જ.'[10] નવસારી નજીક સાહિત્યકાર કનૈયાલાલ મુનશી અને લીલાવતી મુનશી પણ જોડાયાં. અલબત્ત, તેઓ ખૂબ મોડે; રહીરહીને કૂચના અંતિમ તબક્કામાં મળવા આવ્યાં એમ કહેવાય.

કૂચ પાંચમી માર્ચે દાંડી પહોંચી શેઠ સિરાજુદ્દીન વાસીના ઘરમાં ગાંધીજી રોકાયા. અબ્બાસ તૈયબજી, મીઠુબહેન, ડૉ. સુમંત મહેતા ગાંધીજીને મળવા આવ્યાં હતાં. છઠ્ઠી એપ્રિલની સવારે ગાંધીજી અને તેમની ટુકડીના; બધા મળીને 81 લોકોએ સમુદ્રસ્નાન કર્યું. સાબરમતી આશ્રમની સવારની પ્રાર્થનાના શ્લોકો બોલાયા. પંડિત નારાયણ મોરેશ્વર ખરેએ 'વૈષ્ણવજન તો...' ગાયું અને બરાબર સાડા છ વાગ્યે ગાંધીજીએ મીઠાવાળી માટેની એક મુઠ્ઠી ઉપાડીને કાયદાનો ભંગ કર્યો.' 'મહાત્મા ગાંધીની જય' ઘોષથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું. 'વંદે માતરમ્'ના પોકારો સાથે 'નમક કા કાયદા તોડ દિયા'નો જયઘોષ થયો. કાયદાનો સવિનય ભંગ થયો ત્યારે કોઈ ઉપરી અધિકારી કે પોલીસ અધિકારી એ સ્થળે હાજર નહોતા. દાંડીકૂચમાં સવિનય ભંગ થયાના સમાચાર વાયુવેગે ફરી વળ્યા. ગુજરાતના આખા દરિયાકાંઠે છઠ્ઠી એપ્રિલથી જ ચળવળ શરૂ થઈ ગઈ. ઠેરઠેર મીઠાનો કાયદો તોડવાની શરૂઆત થઈ ગઈ. ધરપકડનો દોર શરૂ થયો. જમનાલાલ બજાજ, મશરૂવાળા, મણિલાલ કોઠારી, દેવદાસ ગાંધી, કનૈયાલાલ મુનશી, મહાદેવભાઈ, રામદાસ આદિ અગ્રણીઓ પકડાયા. કૂચ તો રચનાત્મક, અહિંસક રીતે દાંડીથી ધરાસણા ભણી આગળ ચાલવાની હતી. ગાંધીજીએ જે મીઠું દાંડીના દરિયાકાંઠેથી ઉપાડ્યું હતું તે માટી-મિશ્રિત હતું. ગાંધીજીએ તેમાંથી, ધોઈને બે તોલા જેટલું મીઠું અલગ તારવ્યું હતું. એ મીઠું અમદાવાદની જાહેરસભામાં લીલામ થયું. અમદાવાદના પ્રતિષ્ઠિત ડૉક્ટર કાનૂગાએ તે મીઠું 1600 રૂપિયામાં ખરીદ્યું હતું અને બીજી વાર લીલામ કરવા કૉંગ્રેસ કમિટીને પરત સોંપ્યું હતું. બે તોલા મીઠું પણ માતબર રકમથી વેચાયું અને તે નાણાં જાહેર કામમાં લઈ શકાયા.

દાંડીકૂચ અને ત્યાર પછી સવિનય ભંગની દેશવ્યાપી ચળવળે આઝાદી મેળવવા માટેની અસાધારણ લોકજાગૃતિનું કાર્ય કર્યું. ગાંધીજી આ દિવસોમાં દાંડી-કરાડી વિસ્તારમાં હતા. ચોથી મેની રાત્રે–પાંચમી મેની વહેલી સવારે ગાંધીજીની કરાડીથી ધરપકડ થઈ. ગાંધીજીને પુના-યરવડા જેલ લઈ ગયા. 26મી જાન્યુઆરી 1931ના રોજ રાત્રે 11 વાગ્યે જેલમાંથી મુક્ત થયા.

❖ સંદર્ભસૂચિઃ

1. દેસાઈ, નારાયણ, 'મારું જીવન એ જ મારી વાણી', દ્વિતીય ખંડ, પાંચમી આવૃત્તિ, વર્ષ–2024, પૃષ્ઠ–521.
2. એજન, પૃષ્ઠ–522.
3. દેસાઈ, મહાદેવ, 'મહાદેવભાઈની ડાયરી', પૃષ્ઠ-13; પૃષ્ઠ 194–195.
4. ગોહિલ ગંભીરસિંહ, 'મહાત્મા – સ્વરાજની સફર અને સૌરાષ્ટ્રનાં સાથીદારો', પ્રથમ આવૃત્તિ, વર્ષ–2019, પૃષ્ઠ–84.
5. 'મારું જીવન એ જ મારી વાણી' દ્વિતીય ખંડ, પૃષ્ઠ–523માં વેબર, ટોમસ, 'ઓન ધ સોલ્ટ માર્ચ', પૃષ્ઠ–80નો હવાલો.
6. એજન.
7. એજન.

8. 'ગાંધીજીનો અક્ષરદેહ', પુસ્તક નંબર–43, પૃષ્ઠ 2થી 8 સાર–1976.
9. એજન, પૃષ્ઠ–43.
10. એજન, પૃષ્ઠ–175.

❖ સંદર્ભગ્રંથ:


1. 'મારું જીવન એ જ મારી વાણી', દ્વિતીય ખંડ, લેખક નારાયણ દેસાઈ, આવૃત્તિ પાંચમી–2014.
2. 'મહાદેવ ભાઈની ડાયરી' પુસ્તક 13મું.
3. 'મહાત્મા – સ્વરાજની સફર અને સૌરાષ્ટ્રનાં સાથીદારો', પ્રથમ આવૃત્તિ–2019.
4. 'ગાંધીજીનો અક્ષરદેહ' પુસ્તક નંબર 43, પ્રથમ આવૃત્તિ–1976.
5. 'ગાંધીજીની દિનવારી', શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલ–1990.


---


પ્રો. યોગેન્દ્ર પારેખ, નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ.
E-mail: yogendra.parekh@baou.edu.in